# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષ : ૨૦ અંક : ૩ ૧૫-૧૦-૨૦૧૦ સળંગ અંક : ૨૧૮

સંપાદકો

**પરમ પાઠક + મદનમોહન શર્મા + નિરંજન પટેલ + સોનલદે દેસાઈ + ઉજ્જવલ ત્રિવેદી + મનીષ સોલંકી**


## સંપાદકીય

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ભારતીય આધ્યાત્મિક જ્ઞાન તથા કર્મયોગનું મધુર પરિપકવ ફળ છે. તેમાં નિરૂપિત ગૂઢ તત્ત્વજ્ઞાન તેનું વ્યાપક સામર્થ્ય તથા તેના પ્રભાવ સામે અન્ય ગ્રંથો ઝાંખા લાગે. આ ગ્રંથ રત્નમાં જ્ઞાન અને કર્મનો યુક્તિયુક્ત સમુચ્ચય થયો છે. જે વિશ્વ સાહિત્યમાં અજોડ છે. આ કારણે જ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાને ઉપનિષદ નામ આપ્યું છે. ગીતા સ્વધર્મમાં બાધક આસક્તિ જન્ય મોહનું નિવારણ કરે છે આમ એક રીતે તે જાતિશાસ્ત્ર સદાચાર શાસ્ત્ર છે. કુરુક્ષેત્રના મેદાનમાં કૌરવ-પાંડવોની સેના સામ-સામે યુદ્ધ માટે તૈયાર હતી આ ટાણે અર્જુનને પોતાના સ્વજનોને જોઈને વિષાદ થાય છે કર્તવ્ય વિમુખ વાતો કરે છે. ભાઈઓ પ્રત્યેના સ્નેહ તથા મમત્વને કારણે યુદ્ધના પવિત્ર કર્તવ્યથી વિમુખ બને છે.

न कांक्षे विजयं कृष्ण न च राज्यं सुखानि च।

किं नो राज्येन गोविन्द किं भोगैजीवितेन वा॥

આવી વિકટ ઘડીએ શ્રીકૃષ્ણ યુદ્ધની અનિવાર્યતા બતાવતા અર્જુનને નિષ્કામ બુદ્ધિથી કર્મ કરવાનો જે ઉપદેશ આપ્યો તે સત્યની મહત્વપૂર્ણ છે. દરેક અધ્યાયમાં કૃષ્ણ અર્જુનને જાગ્રત કરવા ઉપદેશ આપે છે.

तस्माद्युध्यस्व भारत।

तस्मायुनिष्ठ कौन्तेय युद्धाय कृत निश्चयः।

तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युध्यं व॥

ઉપર્યુક્ત શ્લોક વાક્યો કર્મયોગનું દિગ્દર્શન કરાવે છે ભગવાન શ્રીકૃષ્ણ 'તસ્માત્' સર્વનામ પદનો પ્રયોગ કરી અર્જુનને નિશ્ચિત કર્મ કરવાનો ઉપદેશ આપે છે એટલું જ નહી ઉપસંહારમાં પોતાનો નિશ્ચિત મત પ્રકટ કરતાં ભગવાન કહે છે કે कर्तव्यानीति मे पार्थ निश्चितं मातमुत्तमम्। આ કર્મો કરવા જોઈએ તેવો મારો શ્રેષ્ઠ મત છે. અને અર્જુનને ભગવાન પૂછે છે તારો મોહ નાશ પામ્યો કે નહીં અર્જુન જવાબમાં કહે છે.

नष्टो मोहः स्मृतिलब्धा त्वत्प्रसादात् मयाव्युत।

स्थितोऽस्मि गतसन्देहः करिष्येववनं तवा॥

શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં કર્મ શબ્દનો પ્રયોગ વ્યાપક અર્થમાં લેવાનો છે તે માત્ર શ્રૌત અથવા સ્માર્ત કર્મો એવા અર્થમાં પ્રયોજાયો નથી પરન્તુ મનુષ્ય જે પણ નિત્ય કર્મ કરે છે- તે પછી કામિક, વાચિક અને માનસિક હોય તે કર્મ જ છે. એટલું જ નહીં આ શાસ્ત્રમાં તો જીવન અને મૃત્યુ પણ કર્મની અન્તર્ગત જ છે કયું કર્મ પુણ્યશાળી , ન્યાય, સદાચાર યુક્ત છે તથા કયું કર્મ પાપ અન્યાય અને દુરાચારી છે વગેરે બાબતોમાં નિર્ણય કર્તાની બુદ્ધિ, મનની પવિત્રતા અને નૈતિકતાના આધારે થાય છે. જેનું મન શુદ્ધ તથા નિષ્કામ છે તે સ્થિતપ્રત પુરુષ છે તેની સામ્યબુદ્ધિમાં વ્યવસાયાત્મક બુદ્ધિની સ્થિરતા તથા વાસનાયુક્ત બુદ્ધિની શુદ્ધતાનો સમાવેશ થાય છે. ગીતામાં ઉપદેશેલી સામ્યબુદ્ધિ એટલે સદ્‌વિવેક જે હોય તો જ આત્મ એકત્વ તથા સમતા સંભવે છે. સદ્‌વિવેકથી સમ્પન્ન વ્યક્તિ દુષ્કર્મોથી દૂર રહે છે સંકટની સ્થિતિમાં પણ તે કાર્યાકાર્યનો નિર્ણય નીતિમકતાથી કરે છે તેથી ગીતામાં શુદ્ધ બુદ્ધિ તથા ચારિત્રની પ્રધાનતા છે. તેને જ સદાચાર અને મોક્ષનું મૂળ માન્યુ છે. જે મનુષ્ય પોતાના હૃદયમાં સમશુદ્ધ બુદ્ધિને જાગ્રત રાખે છે તેને ન તો સ્વધર્મ કે અન્ય ધર્મનો ભાર આવી પડે છે. ગીતામાં सर्वभूतहितेरतः। અનુસાર સમસ્ત માનવજાતિના કલ્યાણ માટે ઉદ્યોગ કરવાની પ્રેરણા આપી છે. સમત્વ બુદ્ધિમાં ભક્તિ-જ્ઞાન-કર્મનો સમાવેશ થઈ જાય છે. બ્રહ્મવિદ્યા અને ભક્તિનું જે મૂળ છે તેજ જાતિ અને સત્કર્મની આધારશિલા છે જે મનુષ્ય વૈરાગ્ય ધારણ કરવાને બદલે આમરણાન્ત આમ વર્ણ્ય વિહિત નિષ્કામ કર્મ કરે છે. તેનામાં જ્ઞાન, ભક્તિ અને કર્મનો સમન્વય થઈ જાય છે એવો મનુષ્ય એક બાજુ લોકવ્યવહારને સફળતાપૂર્વક નિભાવે છે તે મનુષ્ય મોક્ષ પ્રાપ્તિનો સહજ અધિકારી બને છે. ગીતા દૃઢ પણે એમ કહે છે કે સાંસારિકધર્મ અપરિહાર્ય છે અર્થાત્ મનુષ્ય કર્મને છોડી શકતો નથી એટલું જ નહીં અમરત્વ પ્રાપ્ત કરવા માટે તેને છોડવાની જરૂર પણ નથી જો દરેક મનુષ્ય પોતાની યોગ્યતા, સ્વાભાવિકતા પ્રાપ્ત સ્વધર્મ, વ્યવસાય તથા કાર્ય સમત્વથી જીવનપર્યન્ત કરતો રહે તો પાપ બંધનમાંથી છૂટકારો થાય છે.

**- નિરંજન પટેલ**

## Teaching - Learning

**Dr Yogesh C. Joshi**, Associate Professor, **MBA Programme**, Sardar Patel University presented a paper entitled 'ID 257 : Quality and Environmental Management in a Large Dairy Cooperative: The Case of AMUL Dairy', at the 4th International CSR-Conference, Berlin, https://www.conftool.com/csr-hu-berlin-2010/ held at Hubboldt-Universitaet zu Berlin, during September 22-24, 2010. This paper is coauthored with Dr Albert Schram, Associate Professor, School of Management, Masstrich University, The Netherlands.

**એમ. બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન**માં વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતાં **ડૉ. અલકા મેકવાને** કોમનવેલ્થ ઑફ લર્નિંગ (COL), કેનેડા તથા એન.સી.ઇ.આર.ટી., દિલ્હીના સંયુક્ત ઉપક્રમે ચાલતા એક વર્ષીય **ઇન્ટરનેશનલ ડીપ્લોમા ઇન ગાઇડન્સ એન્ડ કાઉન્સેલીંગ-૨૦૦૯ સફળતાપૂર્વક પૂર્ણ કરી A+ ગ્રેડ પ્રાપ્ત** કરેલ છે. આ કોર્ષ અંતર્ગત તેમણે પ્રથમ ૬ માસ ઓનલાઇન કાર્ય, ૩ માસ રૂબરૂ પ્રેક્ટીસ-કમ-વર્ક (આર.આઇ.ઇ., ભોપાલ ખાતે) તથા ૩ માસ સંસ્થામાં પ્રોજેક્ટ વર્ક હાથ ધર્યું હતું.

**અનુસ્નાતક હિન્દી વિભાગ** દ્વારા રાષ્ટ્રીય નાટ્ય વિદ્યાલય, દિલ્હીના સહકારથી **બે અઠવાડિયાની નાટ્ય કાર્યશાળા (ડ્રામા વર્કશોપ)**નું આયોજન ઇપ્કોવાલા ફાઇન આર્ટ્સ કોલેજમાં કરવામાં આવ્યું. બીજી ઓગસ્ટના રોજ સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી હરીશ પાઢે દીપ પ્રગટાવી એનું ઉદ્ઘાટન કર્યું હતું. પોતાના ઉદ્ઘાટન પ્રવચનમાં ડૉ. પાઢે વર્ગખંડની પ્રવૃત્તિ સાથે આવી પ્રવૃત્તિઓ થાય તેમ હાકલ કરી હતી અને કાર્યશાળાના આયોજનને બિરદાવ્યું હતું. વિભાગના નાટ્ય પ્રશિક્ષક ડૉ. કિરણ ભોકરીના માર્ગદર્શન હેઠળ આ દરમ્યાન પ્રશિક્ષણાર્થીઓએ રંગતંત્રને લગતી કળાઓ શીખ્યા હતા. એન.એસ.ડી., દિલ્હીના રંગકર્મીઓ શ્રી આલોપી વર્મા અને સુરેશ ભારદ્વાજની સાથે સ્થાનિક રંગકર્મીઓ શ્રી કનુ પટેલ, શ્રી પ્રદીપકુમાર અને શ્રી વિપુલ મેકવાને ખાસ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ નાટકો માટેના મોડેલો પણ તૈયાર કર્યા હતાં. કાર્યશાળાનો સમાપન સમારંભ સરદાર પટેલ વિશ્વવિદ્યાલયના પૂર્વકુલપતિશ્રી ડૉ. બી. જી. પટેલની અધ્યક્ષતામાં યોજાયો હતો. પોતાના સમાપન પ્રવચનમાં ડૉ. પટેલે નાટ્યકળાનો ઉપયોગ અનિષ્ટો અને દૂષણો સામે કરવાનો અનુકોઝ કર્યો. આ દરમ્યાન પ્રશિક્ષિત પ્રતિભાગીઓને ડૉ. બી. જી. પટેલના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરાયા હતાં અને શ્રેષ્ઠ મોડેલો માટેના પારિતોષિક પણ અપાયાં હતાં. આ પ્રસંગે મોંઘવારી વિશે એક નાટક પણ રજૂ કરાયું હતું. કાર્યક્રમો દરમ્યાન હિન્દી વિભાગના વડા ડૉ. નવનીત ચૌહાણ, ઇપ્કોવાલા ફાઇન આર્ટ્સ કોલેજના કા. પ્રાચાર્ય શ્રી કે.સી. પટેલ ઉપરાંત પ્રાધ્યાપકો, રંગકર્મીઓ, કળાકારો વિગેરે ખાસ હાજર રહ્યા હતા.

**એકેડેમિક સ્ટાફ કોલેજ,** સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા તા. ૨થી ૯ ઑગસ્ટ દરમ્યાન 4th Orientation Programmeનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં ગુજરાત અને મહારાષ્ટ્રનાં કુલ ૨૪ અધ્યાપકોએ ભાગ લીધો હતો, જેમાં મુખ્યત્વે એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીના અધ્યાપકોનો સમાવેશ થતો હતો. ઉલ્લેખનીય છે કે, આ કાર્યક્રમમાં કુલ ૧૯ અધ્યાપકો બહારગામથી આવ્યાં હતાં અને વલ્લભ વિદ્યાનગરના અતિથિ બન્યા હતાં. કુલ ૪૬ જેટલા વિષય નિષ્ણાતોએ આ કાર્યક્રમમાં વ્યાખ્યાનો આપ્યાં હતાં જેમાં આપણી યુનિવર્સિટીનાં વર્તમાન કુલપતિશ્રી પ્રો. હરીશભાઇ પાઢ તથા પૂર્વ કુલપતિશ્રી પ્રો. બી. જી. પટેલ, પૂર્વ ઉચ્ચ શિક્ષણ નાયબ નિયામક અને સંસ્કૃત યુનિવર્સિટી, સોમનાથનાં વર્તમાન કુલપતિશ્રી પ્રો. પંકજભાઇ એલ. જાની, વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સુરતના પૂર્વ કુલપતિશ્રી ડૉ. આર. જી. કોઠારી અને પૂર્વ ઉપકુલપતિશ્રી ડૉ. જે. જે. ભટ્ટ, એમ. એસ. યુનિવર્સિટી, બરોડાના પૂર્વ ઉપકુલપતિશ્રી ડૉ. એસ. એમ. જોષી, CHARUSAT યુનિવર્સિટીના રજીસ્ટ્રાર શ્રી દેવાંગભાઇ જોષી, NDDBનાં મેનેજરશ્રી જીજ્ઞેશ શાહ જેવા મહાનુભાવોએ વિવિધ વિષયોનું તલસ્પર્શી જ્ઞાન આપ્યું હતું. ચારુતર વિદ્યામંડળના પૂર્વ સહાયક મંત્રી ડૉ. રમેશભાઇ ત્રિવેદીએ પુસ્તક સમીક્ષા વિશે ખૂબ જ ઊંડાણભર્યું પ્રવચન આપ્યું હતું. અહીં ઉલ્લેખનીય છે કે આપણી યુનિવર્સિટી સાથે સંકળાયેલા અધ્યાપકો જેવા કે ડૉ. સુધીર મુખર્જી, ડૉ. નાથુભાઇ પટેલ, ડૉ. કાંતિભાઇ લિખિયા, ડૉ. કિરણબેન કાલીયા, ડૉ. ઉર્મિલાબેન ઠાકર, ડૉ. દિનેશભાઇ કારીયા, ડૉ. મહાવીરભાઇ વસાવડા, ડૉ. નિમેશભાઇ ઓઝા, ડૉ. કે. એન. જોષીપુરા, ડૉ. એ. બી. પટેલ, શ્રી વિમલ શાહ, શ્રી પીયૂષભાઇ અને સુશ્રી પલ્લવીબેને પણ પોતાની વિદ્વતાનો લાભ આપ્યો હતો. આ અધ્યાપકોને Computer & Information Technology in Higher Education અંગે તૈયાર કરવા Computer Society of India નાં President ડૉ. બીપીનભાઇ મહેતા, ગુજરાતમાં Computer Scienceની ત્રણ પેઢીઓનું જેમણે જતન કર્યું છે તેવા ડૉ. આર. પી. સોની, EMMRCના પૂર્વ નિર્દેશક સુશ્રી માલતીબેન મહેતા, ડૉ. અમિતભાઇ ગણાત્રા, શ્રીમાન નીતિનભાઇ પટેલ, શ્રીમાન કમલેશભાઇ વૈષ્ણવ, ડૉ. જ્યોતિબેન તિવારી, શ્રીમતી ઇનાક્ષીબેન દેસાઇ, ડૉ. પ્રીતિબેન સજ્જા, ડૉ. પરેશભાઇ વિરપરીયા, ડૉ. ભરતભાઇ પટેલ, ડૉ. પ્રશાંતભાઇ સ્વદાસ, ડૉ. જે. વી. સ્માર્ત, શ્રીમાન સોહિલભાઇ પંડ્યા અને ડૉ. દર્શનભાઇ ચોકસીએ આ વિષયનું પાયાનું અને વ્યવહારિક જ્ઞાન આપ્યું હતું. તદ્ઉપરાંત, અર્થશાસ્ત્રનાં વિશ્લેષક ડૉ. હેમંતભાઇ શાહ, એમ. એસ. યુનિવર્સિટીના કોમર્સ ફેકલ્ટીના ભૂતપૂર્વ ડીન ડૉ. પરિમલભાઇ વ્યાસ તથા ડૉ. શિરીષભાઇ કુલકર્ણી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નિલાંબરીબેન દવે ઉપરાંત કાયદાશાસ્ત્રના પુસ્તકોના વિદ્વાન લેખક અને પૂર્વાચાર્ય, ગોધરા અને પાલનપુર લૉ કોલેજના પ્રિ. અશ્વિનભાઇ કારીયાએ પણ પોતાની વિદ્વતાનો લાભ રીસોર્સ પર્સન તરીકે આપ્યો હતો.

આ ઓરિએન્ટેશન પ્રોગ્રામનાં પ્રતિભાગીઓને તા. ૧૬ ઑગસ્ટના રોજ ઇન્સ્ટીટ્યૂટ ઑફ સીસ્મોલોજીકલ રીસર્ચ, ગાંધીનગર (ભૂસ્તરશાસ્ત્ર અને ભૂકંપ વિશેની ગુજરાત સરકારની સંશોધન સંસ્થા) અને ભાસ્કરાચાર્ય ઇન્સ્ટિટ્યૂટ ઑફ સ્પેસ એન્ડ જીઓ-ઇન્ફોર્મેટિક્સ (BISAG), ગાંધીનગરની (ભૂસ્તર-માહિતી અને બ્રોડકાસ્ટીંગની ગુજરાત સરકારની સંસ્થા) મુલાકાતે લઇ જવામાં આવ્યાં હતાં. ત્યાં તેઓએ સંસ્થાની કામગીરી વિશે અને એ ક્ષેત્રમાં થતી અદ્યુનાતન પ્રવૃત્તિ વિશે માહિતગાર કરવામાં આવ્યાં હતાં.

➢ **કેન્દ્રીય સાહિત્ય અકાદમી, નવી દિલ્હી**ના ઉપક્રમે ઓગસ્ટ ૨૦ થી ૨૨ દરમિયાન પણજી-ગોવાના દિનાનાથ મંગેશકર કલામંદિર ખાતે ભારતની ૨૪ માન્ય ભાષાઓના બે-બે કવિઓ અને વાર્તાકારોનું મિલન યોજાયું હતું. **'અભિવ્યક્તિ'** નામના આ કાર્યક્રમમાં ગુજરાતી ભાષા સાહિત્યનું પ્રતિનિધિત્વ આપણી યુનિવર્સિટીના અનુસ્નાતક ગુજરાતી વિભાગના **પ્રો. મણિલાલ હ. પટેલે** કર્યું હતું. એમણે પોતાની બે કવિતા આ મિલનમાં મૂળ ગુજરાતીમાં અને પછી એનો હિન્દી અને અંગ્રેજી અનુવાદ રજૂ કર્યો હતો.

➢ ૫ સપ્ટેમ્બર ૨૦૧૦ **શિક્ષણદિન** નિમિત્તે અનુસ્નાતક ગુજરાતી વિભાગના **મણિલાલ હ. પટેલે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના શિક્ષકોને વિશેષ ઉદ્‌બોધન કર્યું હતું.** એમાં એમણે જણાવ્યું હતું કે આજે શિક્ષક બહારથી જેટલો સજ્જ દેખાય છે એટલો અંદરથી નથી. વર્તમાન પરિસ્થિતિમાં આદર્શો કે ભાવનાની વાતો કરવાનો કશો અર્થ નથી. માટે શિક્ષકે પોતે આપ નિરીક્ષણ, આપ પરીક્ષણ કરીને ઉત્તમ શિક્ષક અને અભ્યાસી વિદ્યાર્થી બની રહેવાનું છે.

---

## Schedule of Orientation Programmes and Refresher Courses to be held at UGC Academic Staff College during the year 2010-11

**Orientation Programme**

| | | |
|---|---|---|
| 1. | 6-12-10 to 9-1-11 | 5th Orientation Programme |

**Refresher Course**

| | | |
|---|---|---|
| 1. | 4-10-10 to 24-10-10 | Education & Physical Education |
| 2. | 8-11-10 to 28-11-10 | Research Methodology in Humanities (Inter Disciplinary) |
| 3. | 15-11-10 to 5-12-10 | ICT Application (Multi Disciplinary) |
| 4. | 15-11-10 to 5-12-10 | Computer Science |
| 5. | 6-12-10 to 26-12-10 | Business Studies (Multi Disciplinary) |
| 6. | 6-12-10 to 26-12-10 | Nano Sciences (Multi Disciplinary) |
| 7. | 3-1-11 to 23-1-11 | Research Methodology in Basic & Natural Sciences (Multi Disciplinary) |
| 8. | 3-1-11 to 23-1-11 | Chemistry |
| 9. | 7-2-11 to 27-2-11 | Women Studies (Multi Disciplinary) |
| 10. | 7-2-11 to 27-2-11 | Mathematics and Statistics |
| 11. | 28-2-11 to 20-3-11 | Performing and Visual Arts (Inter Disciplinary) |
| 12. | 28-2-11 to 20-3-11 | Library Science |
| 13. | 28-2-11 to 20-3-11 | Comparative Literature (Inter Disciplinary) |

**Short Term Course**

| | | |
|---|---|---|
| 1. | November 2010 | Interactive Workshop for Ph.D. Students |
| 2. | 29-11-10 to 1-12-10 | A Course in Manuscriptology |

**Notes :**

* Kindly read eligibility criteria before filling up the application form.
* We shall cancel any programme/course without any prior notice, if we don't have 20 eligible participants for the said programme/course, as per the minimum requirement by UGC.
* Selection will be made strictly in accordance with the guidelines of the UGC.
* Last date of Application for all courses will be 15 days before the commencement of the course.
* Application form must have;
    * Signature of your principal along with college stamp and college seal.
    * Recent Passport size photograph.
    * Rs 500/- DD in favor of 'Director, Academic Staff College' payable at Vallabh Vidyanagar.
* Invitation will be sent to eligible candidates before 7 days of commencement of the course.
* Kindly email your queries/inquiries to directorascspu@gmail.com

# Extension

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**માં તા. ૧-૯-૨૦૧૦ના રોજ સરદાર પટેલ યુનિવર્સિટીના નવનિયુક્ત વાઈસ-ચાન્સેલર ડૉ. હરિશભાઈ પાઢે શુભેચ્છા મુલાકાત લીધી હતી. કોલેજના આચાર્યશ્રી બી.સી. ગાંધી તથા શ્રી રામકૃષ્ણ સેવા મંડળના માનદમંત્રી શ્રીમતી જ્યોત્સનાબેને આવકાર્યા હતા. કોલેજના તમામ સ્ટાફનો વ્યક્તિગત પરિચય મેળવી વાઈસ-ચાન્સેલર સાહેબે શિક્ષણ જગતમાં એક નવીન રસમ અપનાવી, તમામ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફને સાંભળી ચર્ચા કરીને ઉત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. એન.એન. પટેલે કર્યું.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા. ૨૬-૮-૨૦૧૦ના ગુરુવારે ગાયત્રી પરિવાર આણંદના ઊર્મિલાબેન પટેલના સહયોગથી **સ્વર્ણિમ ગુજરાત ઉજવણી**ની યોગ, ખેલકૂદ ધારા, જ્ઞાનધારા તથા પ્રવચન શ્રેણી અને CWDCના ઉપક્રમે દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય, હરિદ્વારના ક્લીનીકલ સાયકોલોજીના બહેનો વર્ષા શર્મા, બર્ખા રાજપૂત અને રીના શર્માએ **યોગ નિદર્શન અને ભારતીય સંસ્કૃતિ** વિશે વક્તવ્ય આપ્યું હતું.

➤ **આણંદકોમર્સ કોલેજ**માં **રંગ-કલા કૌશલ્યધારાના ઉપક્રમે** શ્રી ઘનશ્યામ પટેલનો **હાસ્યરસ અને જ્ઞાન ગમ્મતનો કાર્યક્રમ** રાખવામાં આવ્યો હતો.

➤ **સરદાર પટેલ યુનિવર્સિટી મ્યુઝિયમ** ખાતે **હોમિયોપેથી અંગે ફરતું પ્રદર્શન** યોજાયું.

જર્મનીમાં ખાસ તૈયાર થયેલું હોમિયોપેથીને લગતું એક ફરતું પ્રદર્શન સરદાર પટેલ યુનિવર્સિટીમાં તા. ૨૬ થી ૨૯ ઓગસ્ટ દરમિયાન યોજાઈ ગયું. આ પ્રસંગે જર્મનીના ઈન્સ્ટીટ્યુટ ફોર ધ હિસ્ટ્રી ઓફ મેડિસિનના વિશેષ પ્રતિનિધિ ડૉ. ક્લોસ હોલ્ઝફેલ જર્મનીથી ખાસ હાજર રહ્યા હતા. આ પ્રદર્શનનો થીમ હતો હોમિયોપેથી ચિકિત્સા પદ્ધતિ અને તેનો ઈતિહાસ. સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રીના વિશેષ પ્રતિનિધિ તરીકે ડૉ. બી. નટરાજે અને ડૉ. ક્લોસ હોલ્ઝફેલે સંયુક્ત રીતે આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રદર્શન આપણી યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. પાઢના વિશેષ પ્રયત્નોથી અહીં યોજી શકાયું હતું. આ પ્રદર્શનમાં હોમિયોપેથી ચિકિત્સા પદ્ધતિ અને તેના ઈતિહાસને લગતા



હોમિયોપેથીના વિદ્યાર્થીઓ સાથે વિચારગોષ્ઠી કરતાં ડૉ. ક્લોસ હોલ્ઝફેલ



પ્રદર્શન નિહાળતા ડૉ. લીનાબેન દીઘે, માનવંતા મહેમાન ડૉ. ઈશ્વર દાસ અને શ્રી નંદન શાસ્ત્રી

ચિત્રો અને માહિતી પ્રસ્તુત કરવામાં આવી હતી. આ પ્રદર્શનથી હોમિયોપેથી ચિકિત્સા પદ્ધતિના આરંભથી માંડીને આજ સુધીનો પૂરો ઈતિહાસ સ્પષ્ટ થતો હતો. હોમિયોપેથી શું છે ? ચિકિત્સાની પ્રાચીન પદ્ધતિઓ, સેમ્યુઅલ હનેમાન અને હોમિયોપેથીનો પ્રારંભ, વિશ્વભરમાં એનો વિકાસ અને એની આજ તેમ જ આવતીકાલ અંગેની જાણકારી પ્રદર્શનમાંથી પ્રાપ્ત થતી હતી. આપણા વલ્લભ વિદ્યાનગર વિદ્યા સંકુલના ૨૦૦૦ જેટલા વ્યક્તિઓએ આ પ્રદર્શન નિહાળ્યું હતું. આની સાથે એક પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન પણ યોજાયું હતું. વળી, ડૉ. વી. એચ. દવે હોમિયોપથી કોલેજ, આણંદ અને આણંદ હોમિયોપથીક કોલેજ એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ, આણંદના અધ્યાપકો અને તાલીમાર્થીઓએ ૩૬૯ જેટલા દર્દીઓનું નિઃશુલ્ક પરીક્ષણ અને નિદાન કર્યું હતું.

➤ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી.પી.પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ** દ્વારા સ્વર્ણિમ ગુજરાત ઉજવણીના ભાગરૂપે સામુદાયિક સેવા ધારા અન્વયે વિદ્યાર્થીઓ સ્વાસ્થ્ય સુધારણા માટે સજાગ બને અને રોગ મુક્ત રહે તેવા આશયથી શ્રી કૃષ્ણ હોસ્પિટલ, કરમસદના સહયોગથી બી.કોમ., બી.બી.એ., બી.સી.એ., બી.બી.એ. (આઈટીએમ), બી.કોમ.(સેલ્ફ ફાઈનાન્સ્ડ)ના તમામ વિદ્યાર્થીઓનો 'કૃપા' યોજના હેઠળ **'હેલ્થ ચેક અપ' કાર્યક્રમ**નું આયોજન તા. ૧૬-૮-૨૦૧૦ થી ૧૯-૮-૨૦૧૦ દરમિયાન કરવામાં આવેલ.

આ હેલ્થ ચેકઅપ કાર્યક્રમ અન્વયે વિદ્યાર્થી ભાઈ-બહેનોનું વજન, ઉંચાઈ તથા જનરલ બોડી ચેક અપ શ્રી કૃષ્ણ હોસ્પિટલના જુદા જુદા નિષ્ણાત ડોક્ટર્સની ટીમ દ્વારા કરવામાં આવ્યુ હતું. વિદ્યાર્થિનીઓ માટે સ્ત્રી રોગ નિષ્ણાત - લેડી ડોક્ટર્સની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓના બ્લડગ્રુપની તપાસ પણ કરવામાં આવી હતી.

➤ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ**માં **'રાષ્ટ્રીય સેવા યોજના' અંતર્ગત અને સ્વર્ણિમ ગુજરાત ઉજવણીના ભાગરૂપે કેશગુંફન તેમજ મહેંદી હરિફાઈનું આયોજન** તા. ૨૮-૮-૨૦૧૦ના રોજ થયું હતું. આ કાર્યક્રમનું સંચાલન પ્રા. હિનાબેન પડિયાએ કર્યું હતું.

➤ શ્રી બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત **તારકેશ એન્ડ નિરંજના સુરેશભાઈ પટેલ કોમર્સ કોલેજ**ના બી.બી.એ.ના વિદ્યાર્થીઓનો **એક દિવસીય ઔદ્યોગિક પ્રવાસ**નું કેમ્પસ ડિરેક્ટર શ્રી ડૉ. વી. એમ. પટેલના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવ્યું હતું.

ઔદ્યોગિક પ્રવાસ દરમ્યાન ત્રણ એકમોની - અનુક્રમે અમૂલ, સ્વીસ ગ્લાસ કોટ અને ગુજરાત મશીનરીની મુલાકાત લીધી હતી.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા. ૧૮-૮-૧૦ના શનિવારે સહઅભ્યાસ પ્રવૃત્તિના કન્વીનર ડૉ. વી. વી. બારૈયાના અધ્યક્ષપદે **સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અંતર્ગત** ગુજરાતી ભાષા સાહિત્ય મંડળ અને પ્રવચન શ્રેણીના સંયુક્ત ઉપક્રમે **ઝવેરચંદ મેઘાણી જન્મ જયંતિની ઉજવણી** કરવામાં આવી.

ગુજરાતી ભાષા સાહિત્ય મંડળના કન્વીનર ડૉ. ધીરજભાઇ પરમારે ઝવેરચંદ મેઘાણીના સાહિત્ય સર્જન વિશે રસપ્રદ વક્તવ્ય રજૂ કર્યું. તાલીમાર્થી ચેતના ઝાલાએ ઝવેરચંદ મેઘાણીના જીવન અને કવન વિશે અભ્યાસપૂર્ણ અને રસપ્રદ વક્તવ્ય રજૂ કર્યું હતું. તાલીમાર્થી અલ્પા પ્રજાપતિ, વિજલ પ્રજાપતિ તથા નિમિષા વિસાતે ‘શિવાજીનું હાલરડું’ અને નીતા ગઢવીએ ‘કસુંબીનો રંગ’ શૌર્યગીતો રજૂ કર્યા હતા. આ પ્રસંગે સંસ્થાના ગ્રંથપાલ ડૉ. વી. એલ. ભાવસારે મેઘાણીના પુસ્તકોના પ્રદર્શનનું આયોજન કર્યું હતું.

આ જ કોલેજમાં ગ્રંથાલય દ્વારા **સ્વર્ણિમ ગુજરાત અને વાંચે ગુજરાત અંતર્ગત પુસ્તક પ્રદર્શન અને પુસ્તક વાંચન કાર્યક્રમ** યોજાયો. ગ્રંથપાલશ્રી ડૉ. વૈશાલીબેન ભાવસાર દ્વારા બી.એડ્. અભ્યાસક્રમના ઇલેક્ટિવ પેપરના જુદા જુદા વિષયોના અંગ્રેજી, ગુજરાતી, હિન્દી પુસ્તકોનું સમગ્ર અઠવાડિયા દરમિયાન પુસ્તક પ્રદર્શનનું આયોજન કરાયું હતું. વાંચે ગુજરાત અંતર્ગત તમામ તાલીમાર્થી બહેનોએ પોતાની પસંદગીનું પુસ્તક ગ્રંથાલયમાંથી મેળવ્યું તે પુસ્તકો પોતે વાંચી બીજા અન્ય પાંચ વ્યક્તિઓને વંચાવ્યા. જેનો મુખ્ય હેતુ જ્ઞાનનો પ્રચાર અને પ્રસાર કરવાનો છે. તાલીમાર્થી બહેનોને વાંચેલ પુસ્તક અંગેની રજૂઆત પ્રાર્થના સભામાં કરે તેવું આયોજન કરવામાં આવ્યું છે.

➢ ફોરમ ઑફ ફ્રી એન્ટરપ્રાઇઝ, મુંબઇના ઉપક્રમે તા. ૧૨-૮-૨૦૧૦ના રોજ **આણંદ કોમર્સ કોલેજમાં ‘‘સ્વર્ણિમ ગુજરાત’’ ઉજવણી નિમિત્તે શ્રી એ.ડી. શ્રોફ મેમોરીયલ વક્તૃત્વ સ્પર્ધા** યોજવામાં આવી હતી. સદર સ્પર્ધા આ કોલેજમાં સતત દર વર્ષે યોજવામાં આવે છે. ચાલુ વર્ષે કુલ ૨૦ સ્પર્ધકોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં પ્રથમ સ્થાને શિવાંગી શુક્લ (ટી.વાય.બી.કોમ.), દ્વિતીય સ્થાને પુનીતા રાજપૂરોહિત (ટી.વાય.બી.કોમ.) અને તૃતીય સ્થાને પૂજા ભાટીયા (એસ.વાય.બી.કોમ.) વિજેતા જાહેર થયા હતા. આ ઉપરાંત ડિમ્પી સિંધી અને કેવલ ઠક્કરને આશ્વાસન ઇનામ આપવામાં આવ્યું હતું. નિર્ણાયક તરીકે આણંદ એજ્યુકેશન કોલેજના લાઇબ્રેરીયન ડૉ. શ્રીમતી વૈશાલી ભાવસાર, ડૉ. કેતકીબેન શેઠ તથા શ્રીમતી મીનાક્ષીબેન પટેલે સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઇન્ચાર્જ પ્રાધ્યાપક શ્રી આર.પી. પટેલે કર્યું હતું.

➢ યુવા બાબતો અને ખેલ મંત્રાલય, ભારત સરકાર તથા ઝી ન્યુઝના સહયોગથી તા. ૨૫-૮-૨૦૧૦ના રોજ સમગ્ર ભારતની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં **વૃક્ષારોપણ કાર્યક્રમ** યોજવામાં આવેલ છે. જે અંતર્ગત ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત **શ્રી ભીખાભાઈ પટેલ આર્ટ્સ કોલેજ**માં તા. ૨૫-૮-૨૦૧૦ને બુધવારનાં રોજ **એન.એસ.એસ. એકમ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ**નું આયોજન કરવામાં આવ્યું હતું.

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ** દ્વારા બોરસદની જે.ડી. પટેલ હાઇસ્કુલ અને સરદાર પટેલ વિદ્યાલય ખાતે **વૃક્ષારોપણ**નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સેમકોમ કોલેજના સોશ્યલ આઉટરીચ સેલ તથા વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના ૭૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# GOVERNANCE

## અનુદાન પ્રાપ્ત થયું

➢ ઉચ્ચ શિક્ષણ કમિશ્નર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા સરદાર પટેલ યુનિવર્સિટીમાં **નવા અભ્યાસક્રમ શરૂ કરવા માટે અને શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે ૧૫૦ લાખ રૂપિયાનું અનુદાન** મંજૂર કરવામાં આવ્યું છે.

➢ ઉચ્ચ શિક્ષણ કમિશ્નર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા **ઈડીએન-૩૦ યોજના હેઠળ ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓને વિશ્વસ્તરની બનાવવા તથા અભ્યાસક્રમો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શિક્ષણની ગુણવત્તા સુધારણા અને સંશોધનની બાબતોથી યુનિવર્સિટીને આંતર રાષ્ટ્રીય કક્ષાની યુનિવર્સિટી બનાવવા માટે એક કરોડ રૂપિયાનું અનુદાન** મંજૂર કરવામાં આવ્યું છે.

## નવી નિમણૂંક

➢ **હોમસાયન્સ વિદ્યાશાખાના અધ્યક્ષ** તરીકે એસ.એમ. પટેલ કોલેજ ઓફ હોમસાયન્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગરના આચાર્ય **(શ્રીમતી) રેખા ઈમાન્યુઅલ**ની ૧ ઓક્ટોબર ૨૦૧૦ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૩ના સમયગાળા માટે નિમણૂંક થઈ છે. અભિનંદન !!!

## કાર્યકાળ લંબાવાયો

➢ **ઇજનેરી વિદ્યાશાખાના અધ્યક્ષ તરીકે ડૉ. એફ.એસ. ઉમરીગર**નો કાર્યકાળ ૧ ઓક્ટોબર ૨૦૧૦થી અન્ય આદેશ ના થાય ત્યાં સુધી લંબાવવામાં આવ્યો છે.

## શુભેચ્છા

➢ ભાઈકાકા ગ્રંથાલયના ગ્રંથપાલ **ડૉ. મયંક ત્રિવેદી એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા ખાતે ગ્રંથપાલ તરીકે જોડાયા છે.** સરદાર પટેલ યુનિવર્સિટી પરિવાર એમને શુભેચ્છાઓ પાઠવે છે.

## પીએચ.ડી. ગાઈડ તરીકે માન્યતા

➢ આપણી યુનિવર્સિટીના કુલપતિશ્રી **ડૉ. હરીશ પાઢને બાયોટેક્નોલોજી અને ફાર્મસી વિષયમાં** સરદાર પટેલ યુનિવર્સિટીમાં પીએચ.ડી.ના ગાઈડ તરીકે માન્યતા આપવામાં આવી છે.

## Research

भारत सरकारना मिनिस्ट्री ओफ सायन्स एन्ड टेक्नोलोजी,

ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ન્યુ દિલ્હીએ આપણી યુનિવર્સિટીની બી.આર.ડી. સ્કૂલ ઓફ બાયોસાયન્સીસના **પ્રોફેસર દત્તા માદમવારના રીસર્ચ પ્રોજેક્ટ**ને મંજૂર કરીને એમને ૨૬,૯૫,૦૦૦ રૂપિયાનું અનુદાન આપ્યું છે. આ રીસર્ચ પ્રોજેક્ટનો વિષય છે : 'Assessment of Bacterial Community Structure of Long-Term Polluted Sea Coast near Alang Ship Breaking Yard and Exploitation of the Bacterial Wealth for PAH Bioremediation' આ રીસર્ચ પ્રોજેક્ટની મુદત ત્રણ વર્ષની છે. અભિનંદન !!

ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ અર્થ સાયન્સ, ન્યુ દિલ્હીએ આપણી યુનિવર્સિટીની બી.આર.ડી. સ્કૂલ ઓફ બાયોસાયન્સીસના **પ્રોફેસર ડૉ. કિરણ કાલીયા**ની 'Potential of Marine Bacterial Isolates in Arsenic Bioremediation' સંશોધન યોજનાને મંજૂર કરીને એ માટે ૨૧,૩૩,૦૯૯ રૂપિયાનું અનુદાન પ્રાપ્ત થયું છે. આ પ્રોજેક્ટની મુદત ત્રણ વર્ષની છે. અભિનંદન !!

...અનુસંધાન પાન ૮ પરથી

હવે ત્રીજું વરદાન માગવા કહે છે.

હવે નચિકેતા શું માગે છે ?

આત્મજ્ઞાન.

એટલે ?

નચિકેતા યમને પૂછે છે : માણસ મરી જાય છે પછી આ સંશય થાય છે. કોઇ કહે છે કે એનો આત્મા મરણ પછી પણ રહે છે. તો કોઇ કહે છે કે આત્મા નથી રહેતો, આમાં સાચું શું ? મારે તમારી પાસેથી આ જાણવું છે.

ખરો કહેવાય. મૃત્યુના દેવ પાસેથી જ આ રહસ્ય જાણવા માગ્યું.

યમને પણ મઝા પડી. પરંતુ આત્મજ્ઞાન તો ગુહ્ય ગણાય. યોગ્ય અધિકારીને જ એ અપાય. અનધિકારીને એનો ઉપદેશ કરવો હાનિકારક નીવડે. એટલે તેઓ નચિકેતાની પરીક્ષા કરે છે.

વાત તો સાચી.

યમરાજા કહે છે : આનો તો દેવતાઓને પણ સંશય રહે છે. આ જ્ઞાન બહુ સૂક્ષ્મ છે. સહેલાઇથી સમજાય એવું નથી. આના બદલે તું બીજું વરદાન માગી લે. આ જ જ્ઞાન મેળવવા તું મારા પર દબાણ કરીશ નહીં. 'मा मोपरोत्सीरति' યમ નચિકેતાને જુદા જુદા પ્રલોભનો આપે છે. શતાયુ પુત્રોપૌત્રો, ગાયો, હાથી, સુવર્ણ, અશ્વ, વિશાળ ભૂમંડલનું સામ્રાજ્ય, પોતાનું લાંબુ આયુષ્ય. અરે મનુષ્યો માટે જે દુર્લભ છે એવી સ્ત્રીઓ. પણ નચિકેતા અડગ રહે છે.

વાહ.

નચિકેતા કહે છે આ બધું અનિત્ય છે. મારા માટે એ કશું કામનું નથી. આ બધું તમે તમારી પાસે જ રાખો. આત્મતત્ત્વ સિવાય મારે બીજું કશું નથી જોઇતું. ભલે આ જ્ઞાન સૂક્ષ્મ હોય. દેવોને પણ કઠિન હોય. પણ મારે તો તમારી પાસે સમજવું છે. તમે તો સમર્થ છો. મને આ જ જ્ઞાન આપો.

બરાબર છે.

અહીં કઠ ઉપનિષદના પહેલા અધ્યાયની પહેલી વલ્લી પૂરી થઇ.

એ વળી શું ?

કઠ ઉપનિષદમાં બે અધ્યાય છે. આ દરેકમાં ત્રણ ત્રણ વલ્લી છે. વલ્લી એટલે યુનિટ એવી પહેલી વલ્લી પૂરી થઇ.

ઓ.કે.

હવે યમ એને આત્મ રહસ્ય આપે છે. પહેલા તો શ્રેય, પ્રેયનો વિવેક સમજાવે છે. અવિદ્યામાં ફસાયેલા માણસોની દુર્દશા જણાવે છે. પછી આત્મજ્ઞાન મેળવવાના શ્રેષ્ઠ સાધન ૐકારનો ઉપદેશ કરે છે. પછી કહે છે : ''नायमात्मा प्रवचनेन लभ्यो''

એટલે ?

આત્મતત્ત્વ પ્રવચનો સાંભળવાથી કાંઇ મળી જતું નથી. એટલું જ નહીં આત્મતત્ત્વ બહુ બધી બુદ્ધિથી કે બહુશ્રુતતાથી જાણી શકાતું નથી.

બહુશ્રુત એટલે ?

જેક ઑફ ઓલ...

તો પછી આત્મતત્ત્વ કઇ રીતે પ્રાપ્ત થાય ?

જે સાધક આત્માનું વરણ કરે. આત્માને સ્વીકારી લે. એની સમક્ષ આત્મા પોતે જ પોતાને પ્રગટ કરે છે. દુરાચરણી માણસ આગળ અશાંત ઇન્દ્રિયો અને અશાંત ચિત્ત વાળાઓ આગળ આત્મતત્ત્વ પ્રગટ થતું નથી.

તો પછી કઇ રીતે આ તત્ત્વ પ્રાપ્ત થાય ?

હવે આ ઉપનિષદમાં સમગ્ર માનવજાત માટે કહેવાયું છેઃ 'उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ।'

આવું તો સ્વામી વિવેકાનંદે નહોતું કહ્યું ?

એમણે કઠોપનિષદમાંથી જ કહેલું. એનો મતલબ થાય : અવિદ્યાર્થી ઘેરાયેલા હે મનુષ્યો ઊઠો, અજ્ઞાન નિદ્રામાંથી જાગો. શ્રેષ્ઠ મહાપુરુષોની સમીપ જઇ જ્ઞાન પ્રાપ્ત કરો. પરબ્રહ્મ પરમેશ્વરને જાણી લો. તત્ત્વજ્ઞાનીઓએ આ માર્ગને તલવારની ધાર પર ચાલવા જેવો દુર્ગમ કહ્યો છે. આ આત્મજ્ઞાનથી અમૃતત્ત્વની પ્રાપ્તિ થાય છે.

એ કઇ રીતે ?

આ આત્માનું રૂપ દષ્ટિમાં ટકતું નથી. આંખોથી એ જોઇ શકાતું નથી. એ તો નેત્ર વિણ નિરખવો... રૂપ વિણ પરખવો... જેવું આ તત્ત્વ માત્ર હૃદય વડે, બુદ્ધિ વડે અને મન વડે અનુભવમાં આવી શકે છે. જેઓ એને જાણે છે તેઓ અમર બની જાય છે. જ્યારે મનુષ્યના હૃદયમાં રહેલી બધી કામનાઓ દૂર થઇ જાય છે, ત્યારે તે અમર બને છે. ને તેને 'બ્રહ્મ' 'આત્મા' પ્રાપ્ત થાય છે.

બરાબર.

યમરાજા હજુ કહે છે : આ હૃદયની બધી મળીને એકસોને એક નાડી છે. એમાની એક છે સુષુમ્ણા. એ કપાળ ભણી નીકળેલી છે. તેના વડે ઉપરની બાજુએ જનારો જીવ અમરત્વને પામે છે. બાકીની બીજી સો નાડીઓ જીવને મરણકાળમાં બીજી યોનિઓમાં લઇ જાય છે.

આ સુષુમ્ણા એટલે ?

એ બધું અનુભવનું વિજ્ઞાન છે. ઈડા, પીંગલા અને સુષુમ્ણા નાડીઓની વ્યાખ્યા ના અપાય. એનો તો અનુભવ થાય. એ યોગશાસ્ત્રનો વિષય છે. કઠોપનિષદ આપણામાં રહેલા આત્મા અંગે છેલ્લે કહે છે : 'अङ्गुष्ठमात्रः पुरुषोऽन्तरात्मा ।'

એટલે ?

અંગૂઠા જેટલો પુરુષ અન્તરાત્મારૂપે હંમેશા મનુષ્યના હૃદયમાં રહે છે. જેવી રીતે મુંજ નામના ઘાસમાંથી સળી છૂટી પાડવામાં આવે છે એમ આપણે એને આપણા શરીરમાંથી છૂટો પાડવાનો હોય છે. આ આત્માને પ્રકાશમાન (શુક્ર) અને અમૃત (અવિનાશી) જાણવો.

તો આ છે કઠઉપનિષદ એમને.

મેં તો એની આછી ઝલક આપવાનો પ્રયત્ન કર્યો છે. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયે આ ઉપનિષદના અનુવાદો પ્રગટ કર્યા છે. એકનું નામ છે : કઠ ઉપનિષદ. બીજું છે : એકાદશ ઉપનિષદો. આ પુસ્તકો આપણા ભાઇકાકા ગ્રંથાલયમાં છે. એ આપણે પોતે જ જોવા રહ્યા. આપ મુવા વિના સ્વર્ગે જવાય ? અચ્છા તો હમ ચલતે હૈ !

**- પરમ પાઠક**

# Impact of Computer on Human Health

In the present day world, teachnology advancement has hurtled beyond imagination. It is because of these improvements that life has become so easy and comfortable. New innovations in the fields of Science and Technology and other areas have transpired to be a gateway for progressive development of a nation and also for the entire human civilization. One such example is that of the rapid developments in the field of **Information Technology (IT)**. The boom in the IT industry has retained its footprints in all major sectors thereby regesterening itself as a cardinal service. However, with development in the field of communication in apace with IT, people often tend to make haste on their day-to-day life. As a result of such a volte-face in human behaviour, there have been many stumbling blocks too. In other words, the phrase "Haste makes Waste' rightfully applies. One of the very serious outcome of it is the dwindling health issues. Growing numbers of **BPO (Business Process Outsourcing)** has helped many people find their work place by hiring them. People working in such MNCs (Multi National Companies) have a very tight schedule and requires to remain engaged in their work night and day. With the high scale of remuneration package they offer, the employees are also flooded with undue work load which exerts negative vehemence in them. Since, a major part of the job is carried out with the help of computer systems, the **impact of computers on human health** and eudaemonia calls for a meticulous observation. There are numerous instances when witlessness on part of the people regarding the down side of computer usage has posed a grievous issue; not to mention other social deviance involved with it.

Given that the use of computers cannot be substituted, precautions while using it can be a way out for all the possible problems. Prolonged usage of computers can result in many health complcations and may even call for serious medical attention. The intense bright display of the computer monitor can even dim our vision which may extent upto the level beyond recovery. It may also relate to severe headaches and fatigue and turn out to be a nightmare for many. Other than Ophthalmic issues, there are many other which are worth mentioning. One can suffer from back and shoulder pain, neck strains, restlessness, weak muscles and other bodily injuries with the worst resultig to hormonal imbalance. Hormones are an essential component in the human body. They foster the proper functioning of various body organs. The continued usage of computer can cause these hormones to be very imbalanced, which may threaten the person's normal capabilities. Hormones are often related to the term 'muscle tension' in the book of medical science. 'Muscle tension' due to unrestrained use of computers can leave a scary impact, which may make an individual impotent. Unless proper precaution and other safety measures are exercised, these problems can take an unstoppable trend and pose more problems beyond our imaginations. Since the use of such an useful device is not only restricted to professionals alone but also to students and general people, awarness about the risks and damages caused by it must be clearly highlighted.

**Safety measures for people using computers on a daily basis or prolonged period :**

- Use Anti-glare screen with your computer, monitor to overcome eye pain or strains and other related issues.
- Use Anti-glare goggles or lenses in case of public computers or office computer where such a facility is not available.
- Try to restrict your work with regular breaks or intervals.
- Soak your eyes with a clean wet cloth when you feel pain or heaviness in the eyes.
- Practice various exercises and yoga tips as and when possible to relax your eye and body.
- Get your medical check-up every three months and have a proper analysis of your health status.
- Sleep for atleast 7 hours to remain fit and active.
- Sit in a comfortable position while using your computer.

**Some exercise that you can try :**

- Close your eyes. Gently place your palm on your eyes without exerting any pressure. Stay for 15 seconds and then release. Now open your eyes. Do this for 5-10 times at the interval of seconds during each try. It will greatly help to relax your eye muscles.
- Keep your eyes open. Take one of you finger and position it in the middle of your both eyes. Slowly move the finger in the straight direction front and back while you stare at it. Repeat it for a few times. This will help you to improve your focus, which is greatly affected by prolonged computer usage.
- Regular morning walks and jogging can help you remain active and refreshed throughout the day.

Source : Internet

# ચલતે ચલતે : ૭

## કઠ ઉપનિષદ

એક ઋષિ. એમણે યજ્ઞ કર્યો. વિશ્વજિત યજ્ઞ. એમાં એમણે પોતાનું બધું ધન દાન કરી દીધું.

શું વાત છે ! આજે કાંઇ વાર્તા કહેવાનું મન થયું છે ને કાંઇ !

હા, પણ ઉપનિષદની વાર્તા. ઉપનિષદમાં માત્ર શુષ્ક તત્ત્વચિંતન જ નથી.

સરસ. ગઇ વખતે તમે યાજ્ઞવલ્ક્ય અને મૈત્રેયીની વાત કરેલી. બૃહદારણ્યક ઉપનિષદની.

હા, આ વખતે એક બીજી વાર્તા.

ગઇ વખતે તમે મૈત્રેયીને ઇન્ટ્રોડ્યૂસ કરેલી. આ વખતે કોનો વારો છે ? વિશ્વજિત યજ્ઞ કરનારા, પોતાનું બધું જ ધન દાનમાં આપી દેનારા કોઇ ઋષિને ?

નારે... એ ઋષિ તો નકામા હતા. મારે વાત કરવી છે એમના બાળક નચિકેતાની.

એનામાં એવું શું સ્પેશ્યલ છે કે તમારે એની વાત કરવી પડે ?

યજ્ઞમાં ઋષિએ દાન આપવામાં બદમાશી કરેલી. એમણે બ્રાહ્મણોને સાવ વસુકાઇ ગયેલી, નિર્માલ્ય ગાયો આપવા માંડી.

શું વાત કરો છો ! મને એમ કે આ કળિયુગમાં જ બધા બગડી ગયા છે.

નારે... દુરિત તો ત્યારે પણ હતું. એમના બાળક નચિકેતાથી આ જોયું જતું નથી. એને ખબર હતી કે જે આવા ધંધા કરે એને નરક મળે. ભૂંડ, કૂતરાંનો જનમ લેવો પડે.

પછી ?

એ તો તરત પિતા પાસે ગયો ને પૂછવા લાગ્યોઃ तत कस्मै मां दास्यसीति !

તમે મારું દાન કોને કરો છો ? પિતાએ પહેલાં તો બાળકનું સાંભળ્યું-ના સાંભળ્યું કર્યું. પણ નચિકેતા જેનું નામ. એ તો મંડ્યો જ રહ્યો. પછી પિતાની કમાન બરાબરની છટકી.

તો તો એ ઋષિ ક્રોધી પણ હતા.

હાસ્તો. એમણે ખિજાઇને કહ્યું : मृत्यवे त्वा ददामीति । જા તને હું મૃત્યુને આપું છું.

અરેરે...

ને પિતા વાજશ્રવસ ઉદ્દાલકે એને રીતસર યમલોક રવાના પણ કરી દીધો. પરંતુ યમરાજા પોતાના ધામમાં હાજર નહોતા. ક્યાંક બહાર ગયેલા.

સ્વાભાવિક છે. આ તો એપોઇન્ટમેન્ટ વગર જ ટપકેલો ને !

ત્રણ રાત સુધી એને યમની રાહ જોવી પડે છે. પછી યમ પોતાના ધામમાં પાછા ફર્યા.

પોતાના બારણે આવો બાળક આવી પહોંચ્યો એનાથી એમને દુઃખ થયું. એ નચિકેતાને કહે છે : હે બ્રહ્મદેવતા, તમે મારા અતિથિ છો. ત્રણ દિવસ તમારે અહીં ખાધાપીધા વગર રહેવું પડ્યું. મારા માટે આ સારું ના કહેવાય.

યમરાજ પાસે મોબાઇલ નહીં હોય. સેલ ફોન ને આ યમરાજા જેન્ટલમેન લાગે છે. બાકી હું તો યમને બિહામણા, ડરામણા માનતો હતો. એને જોતાં જ લોકોના મોતીયાં મરી જાય. ગાત્રો ઢીલા થઇ જાય.

ના રે... યમનું એ તો બાહ્યરૂપ ખરું જોતાં તો એ પણ એક દેવ છે. યમદેવ. આ સૌમ્ય દેવ નચિકેતાને કહે છે : તમે મારી પાસે બદલામાં ત્રણ વરદાન માગી લો. તમારે ત્રણ દિવસ મારા માટે વેઇટ કરવું પડ્યું ને !

વાહ. આ તો રીયલ જેન્ટલમેન. નચિકેતાએ શું શું માગ્યું ?

પહેલું તો એ માગ્યું કે મારા પિતાનો ક્રોધ દૂર થઇ જાય. એ ચિંતારહિત, પ્રસન્નચિત્ત બને. અહીંથી તમે મને જ્યારે વિદાય કરો ત્યારે તેઓ મને ઓળખે. મારી વાત પર વિશ્વાસ કરે. મારી સાથે વહાલથી વાતચીત કરે.

બરાબર છે. બીજું શું માગ્યું ?

અગ્નિનું રહસ્ય. જેનાથી સ્વર્ગ મળે, જ્યાં યમનું કશું ના ચાલે એ સ્વર્ગમાં જવા માટેનો અગ્નિ કઇ રીતે પ્રાપ્ત કરવો... ગ્રીક લોકોની પણ આવી જ એક કથા છે. એમાં પ્રોમિથિયસ માણસો માટે સ્વર્ગનો અગ્નિ લઇ આવે છે.

વાહ.


## Subscribe Today

| **Annual** | | **Life** |
|---|---|---|
| Students | : Rs.10.00 | Faculty & Staff : Rs.200.00 |
| Others | : Rs.15.00 | Institutions & Individuals : |
| Institutions | : Rs.100.00 | Rs.500.00 |

**Lifetime Subscription in Foreign Exchange:**

US $ 100.00 € 75.00 £ 75.00

**Contact:** Publication Division, Bhaikaka Library Vallabh Vidyanagar 388 120


## Contribute Today

*Sheel Shrutam* welcomes readers' contributions in the form of news, views, ideas and information for publication. **Please send your contributions before 1st week of every month to Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120.**

**Email: sheelshrutam@gmail.com**


Registered with the Registrar of Newspaper for India. Under No. G/AND-73 (B) Superscription PERIODICALS (S)

O. I. G. S. Book Post (Printed Matter)

If undelivered please return to :

The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120, Gujarat - India

*Sheel Shrutam :* A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
**Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar**
Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.